# છાણીમાં પ્રાકૃતિક ખેતી, યોગિક ખેતી રાષ્ટ્રીય કિસાન દિવસની ઉજવણી






(પ્રતિનિધિ) વડોદરા, તા.30

બ્રહ્માકુમારીઝ છાણી દ્વારા પ્રાકૃતિક ખેતી, યોગિક ખેતી રાષ્ટ્રીય કિસાન દિવસ નિમિતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદ કૃષિ વિશ્વ વિધાલયના પ્રિન્સીપાલ ડૉ. કપિલ શર્માજી, ગુજરાત રિફાઈનરીના વાઈસ પ્રેસિડેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ભ્રાતા પૂજન વૈષ્ણવ, આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી ડિરેક્ટર ભ્રાતા દીપક ભાઈ, વડોદરા અલકાપુરી સબઝોન સંચાલિકા બી કે ડૉ.નિરંજના દીદી, વોર્ડ 1 કોર્પોરેટર , બી કે રાજેશભાઈ દવે એક્સ જીએમ નાબદ, બી.કે મહર્ષિ ભાઈ દવે, બી.કે મીનાબેન વાસણા સેવાકેન્દ્ર, બી કે ભાવના બેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# નંદેસરી પાસેના ગોહિલપુરામાં દીપડાની દહેશત, ગ્રામજનોમાં ભયનો માહોલ

**વનવિભાગને** પાંજરું મૂકવાની માંગ, રાત્રિના સમયે ખેડૂતો અને પશુપાલકોમાં ચિંતા

**વન્યપ્રાણીની** હાજરીને કારણે જાનમાલને નુકસાન થવાની આશંકા



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા જિલ્લાના નંદેસરી નજીક આવેલા ગોહિલપુરા ગામમાં દીપડો દેખાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. છેલ્લા 24 કલાક દરમિયાન ગામની સીમ વિસ્તારમાં દીપડો નજરે પડતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. ઘટનાની જાણ થતા વનવિભાગને તાત્કાલિક માહિતી આપવામાં આવી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, ખાસ કરીને રાત્રિના સમયે પશુપાલકો અને ખેડૂતો ખેતર અથવા વાડીએ જતાં ભારે ગભરાટ અનુભવાઈ રહ્યો છે. વન્યપ્રાણીની હાજરીને કારણે જાનમાલને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગામના બાળકો અને વૃદ્ધોને લઈને પણ લોકો ચિંતિત બન્યા છે. આ બાબતે વનવિભાગને જાણ કરવામાં આવતા વિભાગ દ્વારા પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે. વનવિભાગના કર્મચારીઓ દ્વારા વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ગ્રામજનો અને ખેડૂતો દ્વારા માંગ કરવામાં આવી છે કે સંભવિત દુર્ઘટના ટાળવા માટે વનવિભાગ તાત્કાલિક ધોરણે દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવે અને યોગ્ય કાર્યવાહી કરે. હાલ સ્થિતિને ધ્યાનમાં રાખી ગ્રામજનો સાવચેત રહે તેવી અપીલ પણ કરવામાં આવી છે.

### વિશ્વ હિંદુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવમાં પુજય શ્રીવ્રજરાજકુમારજી મહોદયજીના વરદ હસ્તે

# જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના કૃપાપાત્ર 84 વૈષ્ણવના વાર્તાજીની બુકનું વિમોચન કરાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

વિશ્વ હિંદુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવમાં પુજય શ્રીવ્રજરાજકુમારજી મહોદયજીના વરદ હસ્તે જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી ના કૃપાપાત્ર 84 વૈષ્ણવના વાર્તાજીની અંગ્રેજી ભાષામાં પ્રકાશિત બુકનું ( 84 VAISHNAV'S VARTAJI ) વિમોચન કરવામાં આવ્યું.

શ્રી વ્રજધામ આધ્યાત્મિક સંકુલના 25 વર્ષ અને શ્રી વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશન ઈન્ટરનેશનલના 15 વર્ષના મંગલ સમાપ્તીના મહોત્સવને અનુલક્ષીને વૈષ્ણવનગરી વડોદરા ના આંગણે વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ અને શ્રીમદ ભાગવત કથામાં ભારત તીર્થ દર્શન, ચારધામ યાત્રા દર્શન, સાથે સાથે 400થી વધુ સ્ટોલના એક્ઝિબિશન સાથે સનાતન હિન્દુ ધર્મની આધ્યાત્મિક યાત્રાના મહા મહોત્સવમાં નવ દિવસમાં અંદાજે 15 લાખથી વધુ લોકોએ આ મહા મહોત્સવનો લાભ લીધો હતો અને પુષ્ટિમાર્ગીના 550 વર્ષના ઈતિહાસમાં આ મહોત્સવનો રેકોર્ડ થવા બદલ સાક્ષી બન્યા હતા.

પ્રેરણા મહોત્સવમાં જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી રચિત પુષ્ટિમાર્ગના કૃપાપાત્ર 84 વૈષ્ણવોની વાર્તાજીના દરેક 84 વૈષ્ણવોના જીવન ચરિત્ર તેમની સેવા પ્રણાલી તથા શ્રી ઠાકોરજી પ્રત્યે તેમના પ્રેમભાવના વાર્તાજીનું સૌપ્રથમ અંગ્રેજી ભાષામાં સુંદર ચિત્રજી સાથે પ્રકાશિત"84 VAISHNAV'S VARTAJI" બુકનું VYO ઈન્ટરનેશનલના સ્થાપક પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી ના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ 84 વૈષ્ણવ ની વાર્તાજીનું અંગ્રેજીમાં ભાષાંતર ડોક્ટર વિજયભાઈ ઝવેરી અને ડોક્ટર બકુલભાઈ દલાલે કરીને આ સેવા માટે પૂજ્યશ્રીના ખૂબ ખૂબ આશીર્વાદ મેળવ્યા હતા સાથે સાથે આ બુકના કોઓર્ડીનેશન માટે ડો. હીનાબેન પરીખ ને પણ પૂજ્યશ્રી એ આશીર્વાદ આપી આ સમગ્ર ટીમને પુષ્ટિમાર્ગીયના આ ભગીરથ કાર્ય માટે ખૂબ ખૂબ સાધુવાદ પાઠવ્યા હતા.

આ પ્રેરણા મહોત્સવના અંતિમ દિવસે મહા મહોત્સવના સમાપન સમયે પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી ની મંગલ ઉપસ્થિતિમાં વિશ્વ પ્રસિદ્ધ ગાયક ભૂમિબેન ત્રિવેદી અને અંકિતભાઈ ત્રિવેદી ની ભજન સંધ્યા એવમ્ રાસ ગરબા માં કથા મંડપ પણ નાનો પડે એટલી વિશાળ સંખ્યામાં હજારો વૈષ્ણવોએ હાજર રહીને શ્રીકૃષ્ણની લીલા ના સંગીત અને મધુર ગાયન સાથે મોડી રાત સુધી દરેક સૂર સંગીતના તાલે ઝૂમી ઉઠ્યા હતા અને આખા નવલખી ગ્રાઉન્ડમાં જાણે વૃંદાવનમાં શ્રીકૃષ્ણ લીલાનો રાસ રમાતો હોય તેવા વ્રજના દ્રશ્યો જોવા મળ્યા હતા. સૌના હૃદય અને મુખ પર શ્રી રાધે કૃષ્ણ બિરાજમાન થઈને સૌ કોઈને વ્રજમાં વૃંદાવનમાં રાસ ગરબા રમતા હોય તેવી અનુભૂતિ થઈ હતી એટલે જ આજે રાત્રે આ વૈષ્ણવનગરી વડોદરા વૃંદાવન બનીને શ્રી કૃષ્ણમય થઈ ગયું હતું.

આ ભજન સંધ્યા એવમ રાસ ગરબા માં વૈષ્ણવાચાર્ય શ્રી ધ્રુમિલકુમારજી મહોદયશ્રી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ગુજરાત રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીએ વિડીયો કોન્ફરન્સ થી જોડાઈને પ્રેરણા મહોત્સવના સુંદર આયોજનને બિરદાવીને યુવાનોમાં સનાતન ધર્મના માહોલનું સર્જન કરવા માટે પૂજ્યશ્રી વ્રજરાજકુમારજીનો આભાર માન્યો હતો.

"ના ભૂતો અને ભવિષ્યતિ" પુષ્ટિમાર્ગીય 550 વર્ષના ઈતિહાસમાં સૌપ્રથમવાર થયેલ વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ ને નવ દિવસ તો શું આ મહોત્સવ ને આખો મહિનો પણ ટૂંકો પડે તેવું નવલખી ગ્રાઉન્ડમાં ભક્તોનું ઘોડાપૂર હતું એટલે જ જે વૈષ્ણવો અને ભક્તોએ આ પ્રેરણા મહોત્સવનો લાભ પ્રાપ્ત થયો હતો તે લોકોમાં એક જ સૂર હતો કે "આજનો લાવો લીજીએ રે કાલ કોને દિઠી છે" વૈષ્ણવનગરી વડોદરામાં ચારેય તરફ પૂજ્યશ્રી વ્રજરાજકુમારજીના આ મહોત્સવના વિશાળ આયોજન અને આપશ્રીની દિવ્ય વાણી દ્વારા ભાગવત કથા ના શ્રવણની સુંદરતા, સુશોભન અને સત્સંગની ઝલક આંખે વળગી ગઈ હતી અને સૌને નવલખી ગ્રાઉન્ડમાં નહીં પણ વૃંદાવનમાં હોય તેવી સાક્ષાત અનુભૂતિ થઈ હતી અને સૌએ VYO ઈન્ટરનેશનલના સ્થાપક વ્રજરાજકુમારજીને સમગ્ર દેશ વિદેશમાં હિન્દુ વૈષ્ણવ પુષ્ટિમાર્ગીય ધર્મ સાથે સનાતન ધર્મના કાર્યો માટે પ્રેરણા સ્ત્રોત માન્યા હતા.

આજ આ પ્રેરણા મહોત્સવમાં સૌ કોઈના હૃદયમાં ધર્મ, સેવા, સત્સંગ, ધ્યાન, શ્રવણ, કીર્તન, હરિનામ સંકીર્તન સાથે માનવતાના કાર્યો, સામાજિક તથા ધાર્મિક કાર્યો, આરોગ્યલક્ષી અને પર્યાવરણ લક્ષી કાર્યો કરવા માટે પ્રેરણા ઉત્પન્ન થઈ હતી એટલે જ આ પ્રેરણા મહોત્સવનું સમાપન સૌ કોઈને પ્રેરણા યુક્ત ઝરણું આપીને સંપૂર્ણ સમાપન માનવ કલ્યાણ અને સનાતન ધર્મની સંસ્કૃતિ તરફ મહાપ્રયાણ થયું છે.

# આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા મોકડ્રિલ યોજાઈ



(પ્રતિનિધિ) આણંદ, તા.30

આણંદ શહેરની ભાવિ પેઢીમાં સુરક્ષા અને જાગૃતતા કેળવવાના ઉમદા હેતુથી આજે કરમસદ આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી દાદાભાઈ નૌરોજી ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઈન કોમર્સ, આણંદ ખાતે ફાયર સેફ્ટી અંગેની જાગૃતિ ફેલાવવા માટે 'ફાયર અવેરનેશ મોકડ્રિલ' સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

આણંદ ફાયર ઓફિસર શ્રી ધર્મેશ ગોરના સીધા માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સબ ફાયર ઓફિસર હિંમત ભુરીયા, ફાયર ડ્રાઈવર રવિભાઈ સાબલિયા, અને ફાયરમેન સતીશભાઈ બામણીયા સહિતના ફાયર સ્ટાફ દ્વારા ઉપસ્થિત 18 વિદ્યાર્થીઓ અને શિક્ષક સ્ટાફને આગ જેવી કટોકટીની પરિસ્થિતિમાં સ્વબચાવ અને અન્યના જીવ બચાવવા અંગેની પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી.

આ મોકડ્રિલ દરમિયાન ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યુ (બચાવ) માટેના વિવિધ આધુનિક ઈક્વિપમેન્ટનું પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આગના પ્રકારો અને અગ્નિશામક ઉપકરણોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની જીવંત સમજૂતી આપી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, જો શહેરની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં આ પ્રકારે નિયમિતપણે ફાયર અવેરનેશ ટ્રેનિંગ આપવામાં આવે, તો યુવા પેઢીમાં સલામતી અંગેની સભાનતા વધશે અને ભવિષ્યમાં સર્જાતી જાન-માલની હાનિ અટકાવી શકાશે.

# વડોદરાના તરણવીર સ્મૃતિ સિંહે ગુજરાતને કાંસ્ય ચંદ્રક અપાવ્યો

**69મી નેશનલ સ્કૂલ** ગેમ્સમાં ઝળહળતો દેખાવ કર્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

નવી દિલ્હી ખાતે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી સ્વિમિંગ પૂલ ખાતે યોજાયેલી 69મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં વડોદરાથી 11 ખેલાડીઓની ટીમે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. છોકરાઓની સ્પર્ધા 30 નવેમ્બરથી 5 ડિસેમ્બર સુધી જ્યારે છોકરીઓની સ્પર્ધા 12 ડિસેમ્બરથી 16 ડિસેમ્બર દરમિયાન યોજાઈ હતી.

ગુજરાતની ટીમમાં નવ તરવૈયાઓ માધવ દૌડીયા, ભાવ્યા મહેતા, હર્ષ મહેશ્વરી, જયદીપ કિથોરિયા, ચિરાગ નેગી, પ્રિષા પંચોલી, અવની સિંહ, કાશ્વી સિંહ અને સ્મૃતિ સિંહ તેમજ બે ડાઈવર્સ પવ્યા ઓડે અને તક્ષ મહેતા સામેલ હતા. સ્પર્ધામાં સ્મૃતિ સિંહે ઉત્તમ રમતકૌશલ્યનું પ્રદર્શન કરી 4×100 મીટર મેડલી રિલેમાં કાંસ્ય પદક જીત્યું, જે ગુજરાત માટે ગૌરવની ક્ષણ બની છે. સ્મૃતિની આ સિદ્ધિ વડોદરા શહેર તથા સમગ્ર રાજ્ય માટે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ માનવામાં આવી રહી છે. તે ઉપરાંત માધવ દૌડીયા, ભાવ્યા મહેતા, અવની સિંહ અને સ્મૃતિ સિંહે પોતાના વ્યક્તિગત ઈવેન્ટમાં ટોપ 8 માં સ્થાન મેળવી સારું પ્રદર્શન નોંધાવ્યું. આ રમતવીરોએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાતના નેજા હેઠળ મુખ્ય કોચ વિવેક સિંહ બોરલિયા અને કૃષ્ણા પંડ્યાના માર્ગદર્શન હેઠળ તાલીમ લીધી છે.

## ઇન્દોર ખાતે ખેલો ઇન્ડિયા અસ્મિતા કિક બોક્સિંગ ઝોનલ લીગમાં ગુજરાતની દીકરીઓએ 20 મેડલ મેળવ્યા






મધ્યપ્રદેશના ઇન્દોર પબ્લિક સ્કૂલ ખાતે તા. 24 થી 28 ડિસેમ્બર 2025 દરમિયાન યોજાયેલી ખેલો ઇન્ડિયા અસ્મિતા કિક બોક્સિંગ ઝોનલ લીગ 2025-26 માં ગુજરાતની મહિલા ખેલાડીઓએ ઉત્કૃષ્ટ અને ગૌરવપૂર્ણ પ્રદર્શન નોંધાવ્યું હતું. આ પ્રતિષ્ઠિત ઝોનલ-સ્તરની સ્પર્ધામાં ગુજરાત તરફથી કુલ 31 મહિલા ખેલાડીઓ સાથે 3 કોચ, એક રેફરી અને એક અધિકારીએ રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

### શિક્ષણ સમિતિની 10 શાળાઓના

# રમતોત્સવમાં 950 બાળકોની પ્રતિભાથી સૌ કોઈ મંત્રમુગ્ધ

**કબડ્ડી, ખોખો, લાંબી** કૂદ, ઉંચીકુદ, વોલીબોલ જેવી વિવિધ રમતો રમાડવામાં આવશે

(પ્રતિનિધિ )વડોદરા,તા.30

વડોદરા મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વડોદરા આયોજિત રમતોત્સવ 2025 અંતર્ગત સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓનો ત્રિદિવસીય રમતોત્સવનો માંજલપુર સ્પોર્ટ કોમ્પ્લેક્ષ ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. કબડ્ડી, ખોખો, લાંબી કૂદ, ઉંચીકુદ, વોલીબોલ જેવી વિવિધ રમતો રમાડવામાં આવશે.

વડોદરા મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 10 શાળાઓના 950 બાળકોએ યોગા પિરામિડ ટુપ્સ,તલવાર ટુપ્સ, લાઠી ટુપ્સ, પરેડ, લેઝિમ ટુપ્સ, ડંબેલ્સ ટુપ્સ, કરાટે, દેશભક્તિ ગીતની ઉત્કૃષ્ટ ઝાંખી રજૂ કરતા સૌ મંત્રમુગ્ધ થઇ ગયા હતા. બલુન છોડી આતશબાજી કરી રમતોત્સવ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ રમતોત્સવ દરમ્યાન વિવિધ રમતો જેવી કે કબડ્ડી, ખોખો, લાંબી કૂદ, ઉંચીકુદ, વોલીબોલ જેવી વિવિધ રમતો રમાડવામાં આવશે. જેમાં વિજેતા બાળકોને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને રમતો દ્વારા શારીરિક અને માનસિક વિકાસ થાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ અધ્યક્ષ આદિત્ય પટેલ, ઉપાધ્યક્ષા અંજનાબેન ઠક્કર, શાસનાધિકારી ડો.વિપુલભાઈ ભરતિયાના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ ટીમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સહયોગથી રમતોત્સવ સફળતાપૂર્વક શરૂ થયો હતો.

### ભવિષ્યના પડકારોના સામનો કરવાની શક્તિ મળે છે

રમતોત્સવ માત્ર રમત ગમતનો કાર્યક્રમ નથી પરંતુ બાળકોના સર્વાંગી વિકાસનું સશક્ત માધ્યમ છે. આજના યુગમાં શારીરિક તંદુરસ્તીની સાથે સાથે માનસિક સ્ફૂર્તિ પણ જરૂરી છે. બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે.ખેલ દિલીની ભાવના વિકસે છે. ભવિષ્યના પડકારોના સામનો કરવાની શક્તિ મળે છે. રમતમાં બાળકો આગળ વધે તે હેતુથી શિક્ષણ સમિતિ દ્વારા સ્પોર્ટ્સ, ડ્રેસ,સ્પોટ્સ શુઝ પુરા પાડવામાં આવે છે. સાથે સાથે તમામ શાળાઓમાં રમત ગમતના સાધનો પુરા પાડેલ છે. વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લઇ રમતો રમે તેવી શુભેચ્છાઓ પાઠવું છુ : **આદિત્ય પટેલ**, અધ્યક્ષ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ

# વિદ્યાર્થીઓને આપઘાતથી બચાવવા શૈક્ષણિક સંસ્થાઓ માટે નવી ગાઈડલાઈન જાહેર

**લાયકાત ધરાવતા** કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અને સામાજિક કાર્યકરની નિમણૂક ફરજિયાત



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

રાજ્યના શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓની માનસિક સુખાકારીને ધ્યાનમાં રાખીને તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે મહત્વપૂર્ણ ગાઈડલાઈન જાહેર કરી છે. આ માર્ગદર્શિકા સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના ચુકાદા અને રાષ્ટ્રીય ટાસ્ક ફોર્સના નિર્દેશોના અનુસંધાને તૈયાર કરવામાં આવી છે. તેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વધતા આત્મહત્યાના બનાવોને અટકાવવાનો અને સુરક્ષિત શૈક્ષણિક વાતાવરણ સુનિશ્ચિત કરવાનો છે.

નવી ગાઈડલાઈન મુજબ રાજ્યની તમામ યુનિવર્સિટીઓ, શાળા, કોલેજો તેમજ ખાનગી કોચિંગ સંસ્થાઓમાં મેન્ટલ હેલ્થ પોલિસી અમલમાં મૂકવી ફરજિયાત રહેશે. સાથે જ, દરેક સંસ્થાએ લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકરની નિમણૂક કરવી પડશે, જેથી વિદ્યાર્થીઓને સમયસર માનસિક સહાય મળી શકે.

શિક્ષણ વિભાગે આદેશ આપ્યો છે કે માનસિક સ્વાસ્થ્ય સંબંધિત કામગીરી અંગે વાર્ષિક અહેવાલ દરેક સંસ્થાએ ફરજિયાત રીતે રજૂ કરવો પડશે. ગાઈડલાઈનનો અમલ ન કરનાર સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવો પણ સંકેત આપવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ, ભણતરની ચિંતા તેમજ અંગત કારણોસર આત્મહત્યાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના સત્તાવાર આંકડા મુજબ ગુજરાતમાં વર્ષ 2017થી 2021 દરમિયાન કુલ 3,002 વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. જ્યારે વિધાનસભામાં રજૂ થયેલા આંકડા પ્રમાણે એપ્રિલ 2020થી માર્ચ 2023 સુધીના માત્ર ત્રણ વર્ષમાં 495 વિદ્યાર્થીઓએ જીવન ટૂંકાવ્યું હતું.

સરકારના જણાવ્યા અનુસાર, આ નવી ગાઈડલાઈન દ્વારા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ કરી તેમને સુરક્ષિત, સહાયક અને સંવેદનશીલ શૈક્ષણિક વાતાવરણ આપવાનો પ્રયાસ કરવામાં આવશે.

# બોરસદમાં જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર કમ પ્રદર્શન કાર્યક્રમ

**બોરસદ, આંકલાવ** અને આણંદ તાલુકાઓમાંથી આવેલા પશુપાલકોએ ભાગ લીધો

(પ્રતિનિધિ) આણંદ, તા. 30

આણંદ જિલ્લા પંચાયતની પશુપાલન શાખા દ્વારા બોરસદ ખાતે જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર કમ પ્રદર્શન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આણંદ જિલ્લાના બોરસદ, આંકલાવ અને આણંદ તાલુકાઓમાંથી આવેલા લગભગ 300થી વધુ પશુપાલકોએ ભાગ લીધો હતો. આ શિબિરમાં પશુપાલન ખાતાના તાંત્રિક તજજ્ઞોએ આધુનિક પશુપાલન પધ્ધતિઓ, રોગ નિવારણ અને સહાયકારી યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી.

કાર્યક્રમમાં પશુપાલન સંબંધિત વિવિધ માહિતીઓ માટે પ્રદર્શન સ્ટોલ મૂકવામાં આવ્યા હતા, જેની તમામ પશુપાલકોએ મુલાકાત લીધી હતી.


Muthoot Homefin

**મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ**
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-એનઇ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

**કબજા નોટિસ** (સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 (1)ની સાથે એપેન્ડીક્સ-IVને વાંચવા મુજબ)
નીચે સહી કરનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી છે, સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને કલમ 13 (2)ને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત ઋણ લેનારાઓને-જામીનદારોને નોટિસમાં ઉલ્લેખિત રકમ કથિત નોટિસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા ડિમાન્ડ નોટિસો જારી કરી હતી. ઋણ લેનારાઓ રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઋણ લેનારાઓ-સહ-ઋણ લેનારાઓ-જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને ઉપરોક્ત નિયમના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખિત મિલકતોનો કબજો મેળવ્યો છે. ખાસ કરીને ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે આ મિલકત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલકત સાથે કોઈ પણ સોદો નીચે ઉલ્લેખિત રકમ સાથે તેના પર વ્યાજની સાથે મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના ચાર્જને આધીન રહેશે.
સિક્યોર્ડ મિલકતો પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય માટે ઋણ લેનારાઓનું ધ્યાન ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) તરફ દોરવામાં આવે છે.

| ક્રમ સંખ્યા | ઋણ લેનારાઓ-સહઋણ લેનારાઓનું નામ-લોન એકાઉન્ટ નંબર/ શાખા | સિક્યોર્ડ મિલકતોની સંક્ષિપ્ત વિગતો | ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂપિયામાં) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | નિધિ કેયૂર પાનવાલા/ કેયૂર કિશોર પાનવાલા/ 021-02100059/બરોડા | પ્લોટ નં E/109, રાજદીપ સોસાયટી, પંચવટી ચાર રસ્તા નજીક, ગોરવા રોડ, ગોરવા, વડોદરા વડોદરા ગુજરાત 390003 | 19-જાન્યુ-2025/રૂ.12,18,746/- (બાર લાખ અઢાર હજાર સાતસો છેતાલીસ રૂપિયા પુરા) | 28-12-2025 |

તારીખઃ 31 ડિસેમ્બર 2025
સ્થળઃ વડોદરા

સહી/- ઓથોરાઇઝ્ડ ઓફિસર,
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ